# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નંબર : ૩૫ /૨૦૨૬

વિષય : જોડાણ અંગેની રાજ્ય સરકારની માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવા બાબત.

સંદર્ભ :
૧. શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : યજન-૧૦૨૦૦૧-(૨૮)-ખ-૧
૨. અત્રેના પરિપત્ર ક્રમાંકઃ ૨૧૧/૨૦૨૪, તા.૨૦/૦૯/૨૦૨૪
૩. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૫/૨૦૨૫, તા.૦૧/૦૨/૨૦૨૫
૪. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૧૯૦/૨૦૨૫, તા.૨૬/૦૮/૨૦૨૫
૫. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૦૦/૨૦૨૫, તા.૦૯/૦૯/૨૦૨૫
૬. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૫૩/૨૦૨૫, તા.૨૪/૧૧/૨૦૨૫
૭. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૭૫/૨૦૨૫, તા.૧૭/૧૨/૨૦૨૫
૮. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૯૨/૨૦૨૬, તા.૦૯/૦૧/૨૦૨૬
૯. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરના તા.૧૨/૦૧/૨૦૨૬ના પત્રાંકઃ CHE/૦૦૫૪/૦૧/૨૦૨૬
૧૦. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૦૭/૨૦૨૬, તા.૨૩/૦૧/૨૦૨૬

આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ સંસ્થાના વડાશ્રીઓ/ડીનશ્રીને જણાવવાનું કે, સંદર્ભ-૨ પરિપત્રથી આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજોએ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૨૧/૧૨/૨૦૦૧ની જોડાણ અંગેની માર્ગદર્શક સૂચનાઓનું તેમજ વખતોવખતના ઠરાવો/પરિપત્રોનું બિનચૂક ચૂસ્તપણે પાલન કરવા જણાવેલ હતુ. સંદર્ભ-૯ના પરિપત્ર અન્વયે આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/સંસ્થાઓએ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ યજન-૧૦૨૦૦૧-(૨૮)-ખ-૧ અન્વયે સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવાની રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી ન મેળવેલ હોય તેવી સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓએ શૈક્ષણિક વર્ષઃ૨૦૨૬-૨૭ના પ્રવેશ શરૂ થાય તે પહેલા રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે તથા આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજો કે જે સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવાની રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મેળવેલ ન હોય તેવી કોલેજોને યુનિવર્સિટી કોઇપણ પ્રકારનું જોડાણ (Affiliation) આપશે નહી કે જોડાણ (Affiliation) આપવા માટે પ્રક્રિયા કરશે નહી. વધુમાં શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ યજન-૧૦૨૦૦૧-(૨૮)-ખ-૧ની જોગવાઇ ૧(૧૧) અનુસાર રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી ન મેળવેલ હોય તેવી સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજો વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહી અને આવી સ્વનિર્ભર કોલેજો દ્વારા વિદ્યાર્થી પ્રવેશ આપશે તો તેવા વિદ્યાર્થીને યુનિવર્સિટી રજીસ્ટ્રેશન માટે અધિકૃત ગણશે નહી તથા શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ યજન-૧૦૨૦૦૧-(૨૮)-ખ-૧ તથા વખતોવખતના ઠરાવોની જોગવાઇઓનું ચુસ્ત પરિપાલન તમામ સંલગ્ન કોલેજો/સંસ્થાઓએ કરવાનું રહેશે જેની આથી પુનઃ જાણ કરવામાં આવે છે.

વધુમાં સંદર્ભ-૯ના પરિપત્ર અન્વયે આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજોએ રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી,ચાલુ જોડાણના જાહેરનામા તેમજ કાયમી જોડાણના જાહેરનામાંની દરખાસ્તો ફરજીયાતપણે ઉદયમ કોજેન્ટ પોર્ટલ મારફતે ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. પ્રસ્તુત બાબતેની ઓફલાઇન/હાર્ડકોપીમાં મોકલી આપેલ દરખાસ્તો યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે નહી અને તેના પર યુનિવર્સિટી દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહી જેની આથી પુનઃ જાણ કરવામાં આવે છે.

કુલસચિવ

નં.- એકે/જોડાણ/ટે-૨/૧૨૦/૨૦૨૬
તારીખ :૨૫/૦૨/૨૦૨૬

પ્રતિ,
આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રી/સંસ્થાના વડાશ્રીઓ/ડીનશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

<u>નકલ સાદર રવાના જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ (ઇ-મેઇલ મારફતે) :</u>

(૧) નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૨) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ
(૩) આ યુનિવર્સિટીના વહીવટી શાખાના વડાશ્રીઓ, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ
(૪) સિસ્ટમ એનાલિસ્ટશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ (વેબસાઇટ પર મુકવા સારૂ)
(૫) સંબધિત ફાઇલે.